# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 29-09-2024 Evening : 7.50 to 8.00
Day : Sunday National News

## આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

*****************************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રમાં 11,200 કરોડ રૂપિયાથી વધુની વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન ખાત મુહૂર્ત કર્યું.
- આકાશવાણીના મન કી બાત કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ કહ્યું- ભારત મેક ઇન ઇન્ડિયા દ્વારા ઉત્પાદનનું કેન્દ્ર બન્યું છે. તેમણે લોકોને સ્વચ્છતા અભિયાન, જળ સંરક્ષણ અને વૃક્ષારોપણ અભિયાનમાં સક્રિયપણે ભાગ લેવા આહ્વાન કર્યું.
- પ્રધાનમંત્રીએ મન કી બાત કાર્યક્રમના 10 વર્ષ પૂરા થવા પર આકાશવાણી ,દૂરદર્શન અને પ્રસાર ભારતીના પ્રયાસોની પ્રશંસા કરી .
- વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે કહ્યું છે કે બ્રાન્ડ ઈન્ડિયા ભારતનું ભવિષ્ય બદલી શકે છે અને દેશને ઉત્પાદનનું હબ બનાવી શકે છે.
- જમ્મુ-કાશ્મીર વિધાનસભાની ચૂંટણીના ત્રીજા અને અંતિમ તબક્કાનો પ્રચાર આજે સાંજે સમાપ્ત થયો.
- કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલીના દુધની ગામને શ્રેષ્ઠ પ્રવાસન ગામનો પુરસ્કાર એનાયત કરાયો
- નેપાળમાં પૂર અને ભૂસ્ખલનને કારણે એકસો બત્રીસ લોકોના મોત થયા છે.

*****************************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MAHARASHTRA---PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મહારાષ્ટ્રમાં રૂ. 11,200 કરોડ રૂપિયાથી વધુ કિંમત ની વિવિધ પરિયોજનાઓનો શિલાન્યાસ ખાત મુહૂર્ત કર્યા . આ પરિયોજનાઓનો ઉલ્લેખ કરતાં શ્રી મોદીએ કહ્યું કે મહારાષ્ટ્ર મહાન લોકોની પ્રેરણાની ભૂમિ રહી છે અને આજે અહીં વિકાસનો નવો અધ્યાય શરૂ થઈ રહ્યો છે. તેમણે સોલાપુર હવાઈ મથકના ઉદ્ઘાટનને ભગવાન વિઠ્ઠલના ભક્તો માટે વિશેષ ભેટ ગણાવી હતી . શ્રી મોદીએ કહ્યું કે આ હવાઈ મથક આ પ્રદેશમાં વેપાર, ઉદ્યોગ અને પ્રવાસનને વેગ આપશે. તેમણે કહ્યું કે મહારાષ્ટ્રને નવા સંકલ્પોની સાથે મોટા લક્ષ્યોની જરૂર છે.

પ્રધાનમંત્રીએ પુણે જેવા શહેરોને પ્રગતિ અને શહેરી વિકાસનું હબ બનવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. બિડકિન ઔદ્યોગિક વિસ્તારનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે આનાથી આ વિસ્તારમાં નોંધપાત્ર રોકાણ આવશે અને રોજગારીની તકો ઊભી થશે. શ્રી મોદીએ પુનરોચ્ચાર કર્યો કે આધુનિકીકરણ દેશના મૂળ મૂલ્યો પર આધારિત હોવું જોઈએ. તેમણે કહ્યું કે ભારત આધુનિક અને વિકસિત બનશે અને તેના સમૃદ્ધ વારસાને આગળ વધારશે.

પ્રધાનમંત્રીએ સામાજિક પરિવર્તનમાં મહિલાઓની નેતૃત્વની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે તેમણે મહિલા સશક્તિકરણના પ્રતિક સાવિત્રીબાઈ ફૂલેને શ્રદ્ધાંજલિ આપી હતી. શ્રી મોદીએ સાવિત્રીબાઈ ફૂલે સ્મારકનો શિલાન્યાસ પણ કર્યો. તેમાં કૌશલ્ય વિકાસ કેન્દ્ર, પુસ્તકાલય અને અન્ય સુવિધાઓ છે. તેમના સંબોધનમાં, તેમણે મહિલા સુરક્ષા માટેના કડક કાયદા અને નારી શક્તિ વંદન અધિનિયમનો પણ ઉલ્લેખ કર્યો હતો જે ભારતની લોકશાહી પ્રક્રિયામાં મહિલા નેતૃત્વને સુનિશ્ચિત કરે છે.

# PM-MANN-KI-BAAT

આજે આકાશવાણી પર મનકી બાતની 114મી કડી રજૂ કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મેક ઇન ઇન્ડિયાની સફળતા પર ભાર મૂકતા જણાવ્યું કે, આ ઝૂંબેશની સફળતામાં દેશનાં મોટા ઉદ્યોગો અને નાના દુકાનદારોનાં પ્રદાનનો પણ સમાવેશ થાય છે. તેનાથી નિકાસને વેગ મળ્યો છે અને સીધા વિદેશી રોકાણને પ્રોત્સાહન મળ્યું છે.. પ્રધાનમંત્રીએ જણાવ્યું છે કે, મેક ઇન ઇન્ડિયા પહેલને કારણે ભારત ઉત્પાદન ક્ષેત્રનું મોટું કેન્દ્ર બની ગયું છે.

(Byte -pm 1)

2 જી ઓક્ટોબરે સ્વચ્છ ભારત મિશનને 10 વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે.જે મિશનને સફળ ગણાવતા શ્રી મોદીએ જણાવ્યું કે, ‘વેસ્ટ ટુ વેલ્થ’ મંત્ર લોકપ્રિય બની રહ્યો છે. લોકો રિડ્યુસ, રીયુઝ અને રીસાઇકલની વાત કરી રહ્યા છે. પ્રકૃતિનાં જતન અંગે ઉત્તરાખંડના ઉત્તર કાશીનાં એક ગામની પ્રવૃત્તિ અંગે તેમણે ઉદાહરણ આપ્યુ હતું.

એક પેડ મા કે નામ ઝૂંબેશમાં ભાગ લેવા લોકોને પ્રોત્સાહન આપતા પ્રધાનમંત્રીએ લક્ષ્યાંકથી વધુ વૃક્ષારોપણ કરનાર ગુજરાત, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને તેલંગાણાની સિધ્ધિની પ્રશંસા કરી હતી.

પ્રધાનમંત્રીએ જળ સંચયનાં મહત્વ પર પણ ભાર મૂક્યો હતો. શ્રી મોદીએ કેચ ધ રેઇન અંગે વાત કરી હતી..

માતૃભાષાનાં મહત્વ અંગે પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, દેશમાં 20 હજારથી વધુ ભાષાઓ અને બોલી છે. તેમણે ખાસ કરીને સંથાલી ભાષાનાં જતન માટે કરવામાં આવેલા પ્રયત્નોને બિરદાવ્યા હતા.

(Byte -pm 2)

પ્રધાનમંત્રીએ તેમના સંબોધનનાં પ્રારંભમાં જણાવ્યું કે, મન કી બાકાર્યક્રમ 10 વર્ષ પૂર્ણ કરી રહ્યો હોવાથી તેમનાં માટે આ હપ્તો ભાવુક કરનારો છે. 10 વર્ષ

પહેલાં ૩ ઓક્ટોબરે વિજયાદશમીનાં રોજ મન કી બાતનો પ્રારંભ થયો હતો. . આકાશવાણી, દૂરદર્શન અને પ્રસાર ભારતી સાથે જોડાયેલા લોકોની પ્રશંસા કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે તેમના અથાગ પ્રયાસોને કારણે જ આ 'મન કી બાત' કાર્યક્રમ આ મહત્વપૂર્ણ સીમાચિહ્ન સુધી પહોંચવામાં સફળ રહ્યો છે.

અંતમાં શ્રી મોદીએ દેશવાસીઓને નવરાત્રિથી શરૂ થઈ રહેલાં તહેવારોની શુભેચ્છા પાઠવી હતી.

## PRASAR-BHARATI-CHAIRMAN

પ્રસાર ભારતીના અધ્યક્ષ નવનીત સહગલે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમ દરમિયાન પોતાના સંબોધનમાં, આકાશવાણી, પ્રસાર ભારતી અને દૂરદર્શનની પ્રશંસા કરવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર વ્યક્ત કર્યો છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી સેહગલે કહ્યું કે ત્રણ સંસ્થાઓના કર્મચારીઓની પ્રધાનમંત્રીની પ્રશંસા સહુ માટે પ્રેરણારૂપ છે અને કર્મચારીઓને પ્રોત્સાહન મળ્યું છે. શ્રી સહગલે કહ્યું કે રાષ્ટ્ર નિર્માણના સંકલ્પને લોકો સુધી લઈ જવા માટે આ સંસ્થાઓ શ્રી મોદી સાથે હાથ મિલાવે છે તેનો મને ગર્વ છે. પ્રસાર ભારતીના અધ્યક્ષે કહ્યું કે પ્રધાનમંત્રીનો સંદેશ સમગ્ર પ્રસાર ભારતી પરિવારમાં નવી ઉર્જા અને નવી ચેતનાનો સંચાર કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## REV-PIYUSH---PLI-BENEFICIARIES

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે કહ્યું છે કે બ્રાન્ડ ઈન્ડિયા ભારતનું ભવિષ્ય બદલી શકે છે અને દેશને ઉત્પાદનનું હબ બનાવી શકે છે.

તેમણે કહ્યું કે બ્રાન્ડ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા જેટલું જ મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું કે ભારતમાં ઉત્પાદિત પ્રોડક્ટને વિશ્વમાં સારી ગુણવત્તાની પ્રોડક્ટ ગણવી જોઈએ. નવી દિલ્હીમાં પ્રોડક્શન લિંક્ડ ઇન્સેન્ટિવ-PLI સ્કીમના લાભાર્થી કંપનીઓના વડા સાથે વાતચીત કરતી વખતે, શ્રી ગોયલે કહ્યું કે તેઓએ PLI સ્કીમ દ્વારા ટકાઉ અને વિશ્વ-સ્તરની ગુણવત્તાયુક્ત ઉત્પાદનો તરફ આગળ વધવું જોઈએ. વાણિજ્ય મંત્રીએ પીએલઆઈ દ્વારા રોકાણ અને રોજગાર સર્જન માટે વિવિધ પ્રમુખોની પણ પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે -PLI સ્કીમ એ ઘણા ક્ષેત્રોમાં આયાત પર વધતી નિર્ભરતાને રોકવા માટે સરકારની પહેલ છે. શ્રી ગોયલે કહ્યું કે ગુણવત્તા, ટકાઉપણું અને બ્રાન્ડ ઈન્ડિયા ભારતનું ભવિષ્ય બદલી શકે છે અને દેશને ઉત્પાદનનું હબ બનાવી શકે છે.

## J-K---CAMPAIGNING

જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના ત્રીજા અને અંતિમ તબક્કા માટે પ્રચાર આજે સાંજે સમાપ્ત થયો છે. જમ્મુ વિભાગની 24 વિધાનસભા બેઠકો સહિત કેન્દ્રશાસિત પ્રદેશની 40 વિધાનસભા બેઠકો માટે 1 લી ઓક્ટોબરે મતદાન થશે.

## J-K---REVIEW-MEETING

કાશ્મીર ઝોનના પોલીસ મહાનિરીક્ષક વી.કે બિરડીની અધ્યક્ષતામાં એક બેઠક યોજાઈ હતી, જેમાં આ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. પોલીસ મહાનિરીક્ષકે અધિકારીઓને કોઈપણ અપ્રિય ઘટનાને પહોંચી વળવા માટે તૈયાર રહેવા અને સતત તકેદારી રાખવાનો નિર્દેશ આપ્યો હતો. તેમણે વરિષ્ઠ પોલીસ અધિક્ષક અને જિલ્લાઓના સાયબર સેલ તેમજ આઈટી અને સોશિયલ મીડિયા સેલને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવેલી સામગ્રી પર

નજર રાખવા અને અફવા ફેલાવનારા લોકો પર નજર રાખવા જણાવ્યું હતું. શ્રી બિરડીએ કાશ્મીર ખીણમાં શાંતિ સુનિશ્ચિત કરવા માટે સંકલન બેઠક અને પ્રમાણભૂત પ્રક્રિયાનું કડકપણે પાલન કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો.

## DUDHANI VILLAGE AWARD

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલીના દુધની ગામને પ્રવાસન મંત્રાલય દ્વારા શ્રેષ્ઠ પ્રવાસન ગામનો પુરસ્કાર એનાયત કરાયો છે.

દમણના અમારા પ્રતિનિધિ પ્રદિપ ભાવસાર જણાવે છે કે, નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં વિશ્વ પ્રવાસન દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં પ્રવાસન મંત્રાલય દ્વારા “જવાબદાર પ્રવાસન મોડેલ”માં ઉત્કૃષ્ટ દેખાવ બદલ આ ગામનું સન્માન કરાયું છે. પોતાની ટકાઉ અને જવાબદાર પ્રવૃત્તિઓ માટે પ્રવાસીઓને આકર્ષીને દુધની ગામે આ સિદ્ધિ હાંસલ કરી છે. દુધની ગામ એ કુદરતી અને સાંસ્કૃતિક વારસા માટે વિશ્વ વિખ્યાત પણ છે.

કેન્દ્રશાસિત પ્રદેશના પ્રવાસન સચિવ એસ. અસ્કર અલીએ કહ્યું કે, ‘આ સન્માન રાજ્યને એક મુખ્ય પ્રવાસન સ્થળ તરીકે સ્થાપિત કરવાની તેમની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે.’ અગાઉ વર્ષ 2023માં શ્રેષ્ઠ પ્રવાસન ગામ સ્પર્ધાની પ્રથમ આવૃત્તિમાં મંત્રાલયે દમણ અને દીવના દેવકા ગામને પણ પુરસ્કાર એનાયત કર્યો હતો.

## NEPAL---FLOOD-UPDATE

નેપાળના ગૃહ મંત્રાલયે દેશમાં પૂર અને ભૂસ્ખલન જેવી કુદરતી આફતોના કારણે અત્યાર સુધીમાં 132 લોકોના મોતની પુષ્ટિ કરી છે. મંત્રાલયે કહ્યું છે કે કાઠમંડુ ખીણમાં આ દુર્ઘટનાને કારણે 68 લોકોના મોત થયા છે. તે જ સમયે, બાગમતી ક્ષેત્રમાં 45, કોસી ક્ષેત્રમાં 17 અને મધ્ય રાજ્યમાં બે લોકોના મોત થયા છે. જ્યારે 64 લોકો લાપતા છે અને 61 ઘાયલ છે.

નેપાળના સશસ્ત્ર દળોએ અત્યાર સુધીમાં ત્રણ હજાર છસો 26 લોકોને સુરક્ષિત બચાવી લીધા છે. કાવરેપાલચોક વિસ્તારના વિવિધ સ્થળોએથી 193 લોકોને લશ્કરી હેલિકોપ્ટરની મદદથી સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. મંત્રાલયે કહ્યું કે સૈન્ય દળો છેલ્લા બે દિવસથી બચાવ કાર્યમાં લાગેલા છે.

## I-B-SAMKALP

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે ભારતની નાણાકીય સ્થિતિ વિશ્વના તમામ દેશોની સરખામણીમાં સૌથી મજબૂત છે. આજે નવી દિલ્હીમાં સંકલ્પ ટ્રસ્ટ ફાઉન્ડેશન દ્વારા આયોજિત વ્યાખ્યાન શ્રેણીની 10મી કડીના સત્રને સંબોધતા શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે અન્ય દેશોની સરખામણીમાં ભારતમાં વૃદ્ધિ દર વધુ અને ફુગાવાનો દર નીચો છે. શ્રી વૈષ્ણવે આર્થિક વિકાસના ચાર સ્તંભોનો પણ ઉલ્લેખ કર્યો હતો. આ ચાર સ્તંભો છે માળખાગત વિકાસમાં રોકાણ, સમાવેશી વૃદ્ધિ, ઉત્પાદન અને કાયદાનું સરળીકરણ તેમજ ડિજિટલ આધાર માળખાની પ્રશંસા કરતાં તેમણે કહ્યું કે વિશ્વમાં, ભારતની ચૂકવણીની પધ્ધતિ સૌથી અદ્યતન છે.

## SC--RG-KAR-HEARING

સર્વોચ્ચ અદાલત આવતીકાલે કોલકાતા આર.જી.કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના જુનિયર તબીબ પર દુષ્કર્મ અને હત્યાના કેસમાં સુઓમોટો અરજી પર સુનાવણી કરશે.

મુખ્ય ન્યાયાધીશ ડી વાય ચંદ્રચુડ.ની આગેવાની હેઠળની ત્રણ ન્યાયાધીશની ખંડપીઠ આવતીકાલે આ કેસની સુઓમોટો સુનાવણી ફરી શરૂ કરશે.

ગયા અઠવાડિયે, ન્યાયાધીશ જેબી પારડીવાલા અને મનોજ મિશ્રાની બનેલી બેંચે પશ્ચિમ બંગાળ સરકારની વિનંતી પર 27 સપ્ટેમ્બરે સુનિશ્ચિત થયેલ સુનાવણી મુલતવી રાખવાનો નિર્ણય કર્યો હતો.

અગાઉ, અદાલતે રાજ્ય સરકારના એક આદેશ તરફ ધ્યાન દોર્યા બાદ ચિંતા વ્યક્ત કરી હતી, જેમાં મહિલા ડોકટરોને રાત્રે કામે ન રાખવાની જરૂર હતી. અદાલતના હસ્તક્ષેપ પછી, પશ્ચિમ બંગાળ સરકારે સર્વોચ્ચ અદાલતને ખાતરી આપી હતી કે લિંગ સમાનતાના મૂળભૂત બંધારણીય પરિમાણ જાળવતા કોઈપણ શરતો લાગુ કરવામાં આવશે નહીં.

સર્વોચ્ચ અદાલતે દેશભરના તબીબી વ્યાવસાયિકોની સુરક્ષા માટે પગલાં સૂચવવા માટે નેશનલ ટાસ્ક ફોર્સ (NTF) ની રચના કરવાનો પણ આદેશ આપ્યો હતો, જેમાં નોંધ્યું હતું કે ડોકટરોની સલામતી "સૌથી મોટી રાષ્ટ્રીય ચિંતા છે.

## BCCI--CRICKET-ACADEMY

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ-BCCI એ આજે બેંગલુરુમાં નવી રાષ્ટ્રીય ક્રિકેટ એકેડમી-NCAનું ઉદ્ઘાટન કર્યું. વિશ્વસ્તરીય સુવિધા ધરાવતું કેન્દ્ર સેન્ટર ઓફ એક્સેલન્સ-CoE તરીકે ઓળખાશે. બેંગલુરુમાં 40 એકરથી વધુ જમીનમાં ફેલાયેલ, BCCI સેન્ટર ઑફ એક્સેલન્સમાં કુલ ત્રણ વિશ્વ-કક્ષાના મેદાનો અને ૮૬ પિચ છે, જેમાં ઇન્ડોર અને આઉટડોર બંને વિસ્તારોનો સમાવેશ થાય છે. તેની પાસે પ્રેક્ટિસ માટે 45 આઉટડોર નેટ પિચો પણ છે, જે ઈંગ્લેન્ડમાંથી મેળવેલી સુરક્ષા જાળીઓ દ્વારા અલગ કરવામાં આવી છે. રમત વિજ્ઞાન અને તબીબી સુવિધાઓ સાથે, તે અગ્રણી ભારતીય ઓલિમ્પિક એથ્લેટ્સ માટે ખુલ્લું રહેશે, એકેડેમીમાં જેકુઝી, લાઉન્જ, મસાજ રૂમ, કીટ રૂમ અને રેસ્ટરૂમ સહિતની ઘણી અત્યાધુનિક સુવિધાઓ છે. અદ્યતન ટેક્નોલોજી સાથે કોમેન્ટેટર અને રેફરી રૂમ, ફિઝિયોથેરાપી ,જિમ, વગેરે સુવિધા હશે.

આ  કેન્દ્ર તમામ શાખાઓમાં રમતવીરોને સમર્થન આપે છે અને તે માત્ર ક્રિકેટ માટે નથી. તેનું લક્ષ્ય રમત વિજ્ઞાનને આગળ વધારવાનું છે. અગ્રણી ભારતીય ઓલિમ્પિયનોને અત્યાધુનિક રમત,વિજ્ઞાન અને તબીબી સુવિધાઓ મળશે , જે સમગ્ર ભારતીય રમત ઇકોસિસ્ટમને વિસ્તૃત કરશે.

# WCD-RANCHI VISIT

કેન્દ્રીય સ્ત્રી અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવી આવતીકાલે રાંચીમાં સાતમા રાષ્ટ્રીય પોષણ માહ ૨૦૨૪ના સમાપન સમારોહમાં ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમનો હેતુ સક્ષમ આંગણવાડી કેન્દ્રો દ્વારા લાભાર્થીઓ અને સમુદાયોની ભાગીદારી વધારવાનો છે.

કાર્યક્રમના સ્થળ પર ઝારખંડ સરકાર દ્વારા મિશન પોષણ 2.0 ના પાસાઓ દર્શાવતું એક પ્રદર્શન પણ યોજવામાં આવશે. આ સમાપન સમારોહ દરમિયાન સમગ્ર ભારતમાં સ્થિત 11,000થી વધુ સક્ષમ આંગણવાડી કેન્દ્રોનું વર્ચ્યુઅલ રીતે ઉદ્ઘાટન કરવામાં આવશે. કુમળી વયે બાળકના પોષણ અને ભણતરમાં સુધારો કરવાના હેતુથી આ સક્ષમ આંગણવાડીઓનું કાયાકલ્પ કરવામાં આવ્યું છે..